# ઈન્દ્રોડાથી હાંસોલ અને સરખેજ વચ્ચેના ૪૦ હેક્ટર વિસ્તારમાં ફૂલછોડ વવાશે

**ફૂલનગરી તરીકેની ઓળખ પાટનગરની પ્રસ્થાપિત કરવા ડિસ્ટ્રીક્ટ મિશનની બેઠકમાં નિર્ણય લેવાયો : ગાંધીનગરમાં હાઈટેક નર્સરી સહિત ૭ નવી નર્સરીઓ બનાવાશે**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરના પ્રવેશદ્વાર સમા ઈન્દ્રોડાથી હાંસોલ બ્રીજ અને સરખેજ હાઈવે સુધીના ૪૦ હેક્ટર વિસ્તારમાં વન વિભાગ દ્વારા ફૂલ અને શોભા વધારતા વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે.

આજે જિલ્લા વન વિભાગ દ્વારા ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ એગ્રો ફોરેસ્ટ્રી મિશન દ્વારા રજુ કરાયેલ એક્શન પ્લાનને બહાલી આપવામાં આવી છે. જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈના અધ્યક્ષપદે મળેલી આ બેઠકમાં લેવાયેલ નિર્ણય મુજબ ૪૦ હેક્ટર વિસ્તારમાં વાયરની ફેન્સીંગ કરી વાવેતરને રક્ષિત કરાશે. આ વિસ્તારમાં ગુલમહોર, ગરમાળો જેવા શોભાના વૃક્ષોનું વાવેતર પ્રથમ રોમાં કરાશે જ્યારે બીજી રો માં લીમડા, આંબા, ખાખરા અને રંગતરોયડા જેવા વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે નર્સરી એગ્રો ફોરેસ્ટ્રી રેઈઝીંગ અન્ડર એન.એચ.એસ.એ.માં એન્યુલ એક્શન પ્લાનમાં રૂ. ૧૦ લાખની ફાળવણી કરવામાં આવી છે. બીજ નર્સરી માટે ૭ નવી નર્સરીઓ મંજૂર કરવામાં આવી છે. જેમાં એક હાઈટેક નર્સરી ગાંધીનગર ખાતે બનાવવામાં આવશે. આ ઉપરાંત ગાંધીનગર અને કલોલ તાલુકામાં બે-બે તથા માણસા અને દહેગામ તાલુકામાં એક-એક નર્સરી ઉભી કરવામાં આવશે. આ માટે ૧ કરોડ ૬૬ લાખનો ખર્ચ કરવાના અંદાજો એક્શન પ્લાનમાં રાખવામાં આવ્યા છે. ગાંધીનગર ખાતે બનનારી હાઈટેક નર્સરી અત્યંત આધુનિક સુવિધાઓ અને સાધનોથી સુસજ્જ હશે.

આ બેઠકમાં એગ્રો ફોરેસ્ટ્રી અંતર્ગત પ્લાન ફોર વન યર ઓલ્ડ પ્લાન્ટેશનની યોજનાને પણ બહાલી આપવામાં આવી છે. એગ્રો ફોરેસ્ટ્રી યોજના અંતર્ગત ગત વર્ષે ખેડૂતોએ જે વાવણી વૃક્ષોની કરી હતી તે પૈકી ૧૬,૦૫૨ જેટલા વૃક્ષોની આયુ ૧ વર્ષની થઈ છે. આ ખેડૂતોને સરકાર તરફથી વિશેષ સહાય આપવામાં આવશે.

જિલ્લાને વધુ હરિયાળો બનાવવા માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રી દેસાઈએ ખુબજ આગ્રહ કર્યો હતો. તેમણે શાળાઓમાં વૃક્ષોના વાવેતર ઉપરાંત પંચવટી યોજના અંતર્ગત બનતા ઉદ્યાનોમાં વધુ ને વધુ વૃક્ષોનું વાવેતર થાય તેના પર વિશેષ ભાર મુક્યો હતો.


આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી ઉપરાંત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી બ્રહ્મભટ્ટ તથા વન વિભાગના જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વિધાનસભા સંકુલ હવે નવા લુકમાં

**રીનોવેશનનું કામ પુર્ણ ૧૯ મીએ ઉદઘાટન : વિધાનસભા બિલ્ડીંગમાં નવા એસી પ્લાન્ટ, મુખ્યમંત્રી, અધ્યક્ષ, દંડકની સહીત સમિતિઓની નવી કોર્પોરેટ લુક ધરાવતી ઓફિસો ઉપરાંત કેન્ટીન અને લાઇબ્રેરીને પણ નવો લુક અપાયો**

ગાંધીનગર તા ૧૫

ગુજરાત વિધાનસભાના બિલ્ડીંગના રીનોવેશનનુ કામ પુર્ણ થઈ ગયુ છે. હાલ આખરી ઓપ આપવામાં આવી રહયો છે. આ રીનોવેશનની કામગીરી એક વર્ષમાં પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે નવુ બિલ્ડીંગ વધુ ભવ્ય અને સુવિધાયુકત બનાવાયુ છે. વિધાનસભા ગૃહમાં પણ ૧૨૦ સભ્યોની બેઠક વ્યવસ્થા વધારીને ૨૨૦ કરી દેવામાં આવી છે. જયારે અધ્યક્ષ અને મુખ્યમંત્રી થી માંડી વિવિધ સમિતિ અને વિપક્ષની ઓફિસમાં પણ ફર્નિચર અને ઈન્ટીરીયર ડીઝાઈનીંગનુ કામ પણ પુર્ણ કરી દેવાયુ છે. એ સી પ્લાન્ટ તેમજ ફાયર ડીટેકશન સિસ્ટમ સહીત ઈલેકટ્રીફિકેશનની લાઈન પણ નવી નાંખવામાં આવી છે. ઈલેકટ્રીફિકેશનની વિવિધ કામગીરીને અનુલક્ષીને અત્યાર સુધીમાં રૂ ૧૧ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.







ગુજરાત વિધાનસભાના બિલ્ડીંગના રીનોવેશનનુ કામ છેલ્લા એક વર્ષથી હાથ ધરવામાં આવ્યુ હતુ. વર્ષ ૧૯૭૮ માં રૂ ૨.૫ કરોડના ખર્ચે આ બિલ્ડીંગના નિર્માણનુ કામ હાથ ધરાયુ હતુ. જયારે આ દરમિયાન કામગીરી પુર્ણ થતા બે વર્ષ જેટલો સમય લાગ્યો હતો. જયારે આ બિલ્ડીંગના રીનોવેશનની કામગીરી ગત વર્ષે હાથ ધરવામાં આવી હતી જેની પાછળ રૂ ૧૨૦ કરોડનો ખર્ચ નિયત કરાયો હતો. આ કામગીરી અન્વયે વિધાનસભા બિલ્ડીંગનો નવો લુક જોવા મળી રહયો છે. પ્રોજેકટ પાછળ રૂ ૧૨૦ કરોડનો ખર્ચ નિયત કરવામાં આવ્યો હતો. જો કે આગામી તા ૧૯ ફેબ્રુઆરીથી વિધાનસભાના સત્રનો પ્રારંભ થવાનો હોવાથી આ પુર્વે રીનોવેશનની કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે.વિધાનસભાના બિલ્ડીંગના જયારે વિધાનસભા બિલ્ડીંગમાં સ્થિત મુખ્યમંત્રી , અધ્યક્ષ , વિરોધ

● અનુસંધાન પાન-૭ પર

# માણસા પાલિકાની ચૂંટણી માટે પ્રચાર પડઘમ સાંજથી શમી ગયા

**૧૭મીને શનિવારે યોજાનારુ મતદાન : ૬૨ ઉમેદવારો મેદાનમાં : ૨૩૯૬૦ મતદારો : સાત વોર્ડ અને ૨૮ બેઠક : સૌથી વધુ મતદારો અને ઉમેદવારો વોર્ડ નં.૨માં છે : તંત્રએ તૈયારીઓ સંપન્ન કરી**

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર જિલ્લાની માણસા નગરપાલિકાની આગામી ૧૭મી ફેબ્રુઆરીએ યોજાનાર સામાન્ય ચૂંટણીના જાહેર પ્રચાર અભિયાનના પડઘમ આજે સાંજે પાંચ વાગ્યાથી બંધ થઈ ગયા છે.

આ સામાન્ય ચૂંટણીમાં ૨૮ બેઠકો માટે ૬૨ ઉમેદવારો મેદાનમાં છે. નવા સીમાંકન સાથે યોજાઈ રહેલી આ ચૂંટણીઓએ માણસા નગરમાં ભારે રાજકીય ઉત્તેજનાઓ જગાવી છે. અહીં ભાજપ - કોંગ્રેસ વચ્ચે સીધો જંગ જામ્યો છે. ૬ જેટલા અપક્ષો પણ મેદાનમાં છે. જો કે તેમનાથી કોને ફાયદો થશે તે હાલ કળવું મુશ્કેલ છે.

આ સામાન્ય ચૂંટણીમાં ૨૩,૯૬૦ મતદારો નોંધાયેલા છે. જેમાં ૧૨,૩૯૧ પુરુષ અને ૧૧,૫૬૯ મહિલા મતદારોનો સમાવેશ થાય છે.

માણસા નગરપાલિકામાં સૌથી વધુ મતદારો પણ વૉર્ડ નં.૨માં છે અને સૌથી વધુ ઉમેદવારો પણ ૧૧ આ વૉર્ડમાં જ છે. જે એક સંયોગ માત્ર છે.

માણસા નગરપાલિકા વૉર્ડ નં. ૧, ૬ અને ૭માં ૮-૮ ઉમેદવારો તો વૉર્ડ નં. ૩,૪ અને ૫માં ૯-૯ ઉમેદવારો મેદાનમાં છે. વૉર્ડ નં.૨માં નોંધાયેલા મતદારોની સંખ્યા ૩૬૯૪ છે તો ઉમેદવારોની સંખ્યા ૧૧ છે.

આ સામાન્ય ચૂંટણી માટે કુલ ૩૫ મતદાન મથક રાખવામાં આવ્યા છે. ૧૫ જેટલા મતદાન મથક સંવેદનશીલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# ભેજમાં ચઢ-ઉતરથી ઠંડીમાં પણ વધ-ઘટ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી વાતાવરણમાં ભારે ફેરફાર જોવા મળી રહ્યો છે. ભેજ અને તાપમાનમાં વધ-ઘટ થતાં ઠંડીમાં પણ ફેરફાર જોવા મળી રહ્યો છે.

ઠંડીની મોસમ સમાપ્તિના આરે છે ત્યારે વાતાવરણ ખૂબ જ ઝડપથી ફેરફાર થઈ રહ્યો છે. ક્યારેક ઠંડી એકાએક ખૂબ વધી જાય છે. તો ક્યારેક ઉનાળો બેસી ગયો હોય તેવી ગરમી લાગવા માંડે છે. ઉત્તર ભારતના કેટલાક વિસ્તારમાં હજુ બરફવર્ષા થઈ રહી છે. પવનની દિશા જરાક બદલાય તો ઠંડી અને ભેજમાં એકાએક જ વધારો થઈ જાય છે. ગઈકાલે પવનની ગતિ ખૂબ વધુ હતી. પવનની સાથે વાતાવરણમાં ભેજ પણ વધુ અનુભવાનો હતો. ગઈકાલે સવારે ભેજનું પ્રમાણ ૮૪ ટકા જેટલું ઉંચુ નોંધાયું હતું. જ્યારે સાંજે તે ૩૪ ટકા રહ્યું હતું. આજે ભેજનું પ્રમાણ એકાએક જ ખૂબ ઘટી ગયું હતું. સવારે ભેજ ૪૭ ટકા થઈ જતાં તડકો આકરો બન્યો હતો. અને મહત્તમ તાપમાન ૩૧ ડિ.સે. જેટલું ઉંચુ નોંધાયું હતું. જો કે લઘુતમ તાપમાન ૧૩ ડિ.સે. નોંધાતા રાત્રે ઘણી ઠંડક અનુભવાઈ હતી.

# આજે પ્રધાનમંત્રી પરીક્ષાનો હાઉ દૂર કરવા વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરશે

**સવારે ૧૧ : ૪૫ કલાકે પી એમ ઓલ ઇન્ડિયા રેડિયો, દુરદર્શન , બાયસેગ પર વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપશે : જિલ્લાની ૧ હજાર શાળાઓના વિદ્યાર્થીઓને પણ લાભ મળશે**

ગાંધીનગર તા ૧૫

ધોરણ -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાના આડે હવે માત્ર એક મહીનાનો સમય આડો રહી ગયો છે. ત્યારે વિદ્યાર્થીઓ પરીક્ષાલક્ષી તૈયારીમાં ગળાડુબ બન્યા છે. પરીક્ષાની તૈયારી આખરી તબક્કામાં ચાલી રહી છે. વહીવટી તંત્ર પણ પરીક્ષાનો અનુલક્ષી જરૂરી આયોજન કરી દેવાયુ છે. ત્યારે વિદ્યાર્થીઓ પરીક્ષાલક્ષી હાઉનો શિકાર ન બને તેમજ તણાવમુક્ત બની પરીક્ષા આપી શકે તે માટે સમગ્ર દેશના વિદ્યાર્થીઓને પ્રધાનમંત્રી આવતીકાલે સંબોધન કરશે. પ્રધાનમંત્રીનુ આ વકતવ્ય ઓલ ઈન્ડિયા રેડિયો , બાયસેગ તેમજ દુરદર્શન સહીત યુ ટયુબ પર સવારે ૧૧ : ૪૫ કલાકે પ્રસારિત થશે. ગાંધીનગર જિલ્લાની ૧ હજાર શાળાના વિદ્યાર્થીઓ સાથે પ્રધાનમંત્રી વાર્તાલાપ કરશે.

બોર્ડ પરીક્ષાને હવે માત્ર ગણતરીના દિવસો બાકી રહયા છે. સમગ્ર વર્ષની મહેનતનો નિચોડ બાર્ડની કસોટીમાં પરિણામરૂપ પુરવાર થવાનો હોવાથી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પરીક્ષાલક્ષી ઉત્તજેના પ્રબળ બની છે. પરીક્ષાને અનુલક્ષી ગુજરાત માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જરૂરી તૈયારીઓ કરી દેવાઈ છે. જયારે આગામી માર્ચ મહીનામાં બોર્ડ પરીક્ષાનો પ્રારંભ થનાર છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગોતા બ્રિજ પર સ્કૂલવાન કાર સાથે ટકરાઈ : વિદ્યાર્થીઓનો બચાવ

અમદાવાદ, તા. ૧૫

શહેરમાં બેફામ ડ્રાઈવીંગ, હીટ એન્ડ રન સહિતના માર્ગ અકસ્માતના કિસ્સાઓમાં નોંધપાત્ર વધારો થતો જાય છે. ગફલતભરી અને બેફામ રીતે વાહનો હંકારતા લોકો પર લગામ કસવામાં ટ્રાફિક પોલીસ સરેઆમ નિષ્ફળ રહી છે, જેના કારણે આવા બનાવો વધતા જાય છે. આજે આવા જ એક ગંભીર અકસ્માતમાં ગોતાબ્રીજ પર એક મહિલા કારચાલકે સ્કૂલવાનને જોરદાર ટક્કર મારતાં સ્કૂલ વાન ડિવાઈડર પર ચઢી ગઈ હતી. જો કે, સદ્‌નસીબે વાનમાં બેઠેલા વિદ્યાર્થીઓનો આબાદ બચાવ થયો હતો. મહિલા કારચાલકની ટક્કરથી નિયંત્રણ ગુમાવાયેલ સ્કૂલ વાન અન્ય કોઈ વાહનની અડફેટે ના આવી તે પણ ઘણી રાહતની વાત હતી, નહી તો મોટી દુર્ઘટના સર્જાઇ શકત. જો કે, આ અકસ્માતમાં મહિલા કારચાલક પણ ઈજાગ્રસ્ત થઈ હતી. આ બનાવને પગલે ગોતા બ્રીજ પર લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા. બનાવની જાણ થતાં એ ડિવીઝન ટ્રાફિક પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી હતી. આ અંગેની વિગત એવી છે કે, વિક્રમભાઈ પટેલના નામના સ્કૂલવાનના ચાલક આજે સવારે સોલાબ્રીજ તરફથી નિર્માણ સ્કૂલના બાર જેટલા વિદ્યાર્થીઓને લઈને સ્કૂલ તરફ જવા નીકળ્યા હતા. સ્કૂલવાન ગોતાબ્રીજ પર પહોંચી ત્યારે પાછળથી એક અલ્ટો કારે જોરદાર રીતે ટક્કર મારી હતી, તેના કારણે સ્કૂલવાન ડિવાઈડર પર ચઢી ગઈ હતી, તો અલ્ટો કારને પણ ઘણું નુકસાન થયું હતું. જો કે, રાહતની સૌથી મોટી વાત એ હતી કે, વાનમાં બેઠેલા તમામ ૧૨ બાળકોનો આબાદ બચાવ થયો હતો.



ગુજરાત રોલ બોલ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા સુરત ખાતે રોલ બોલ સ્પર્ધા યોજવામાં આવી હતી. ગાંધીનગરના અન્ડર-૧૧ ગર્લ્સ સ્પર્ધામાં ગાંધીનગરની ટીમ વિજેતા થઈ હતી. જેમાં નગરની વિવિધ શાળાની વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. હીરા ઠાકુર, દર્શ ટોપરાણી તેમજ પર્વ મહેતા સહીત પોદાર ઈન્ટરનેશનલ સ્કુલની વિદ્યાર્થીની તનિશા પ્રશાંત ગુપ્તાએ પણ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. આર એન લલિત કલા એકેડમીના આચાર્ય દિનાબેન ડોડીયા તથા કોચ વસીમ મન્સુરી દ્વારા તાલીમ આપવામાં આવી હતી.

# મંત્રી બચુ ખાબડના આગોતરા જામીન હાઈકોર્ટમાં મંજૂર

**ચૂંટણી પ્રચાર વેળા હવામાં ફાયરીંગ કરવાનો કેસ**

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓના પ્રચાર દરમ્યાન દેવગઢબારિયા મતવિસ્તારમાં ભાજપ-કોંગ્રેસના સમર્થકો વચ્ચે થયેલી હિંસાના પ્રકરણમાં હવામાં ફાયરીંગ કરવાના અને કોંગ્રેસના ઉમેદવારને જાનથી મારી નાંખવાની ધમકી આપવાના ચકચારભર્યા કેસમાં રાજયકક્ષાના ગ્રામીણ વિકાસ મંત્રી બચુ ખાબડને ગુજરાત હાઈકોર્ટે આજે આગોતરા જામીન આપ્યા હતા. રાજયકક્ષાના મંત્રી બચુ ખાબડને આજે ગુજરાત હાઈકોર્ટમાંથી મોટી રાહત મળી હતી. આ સમગ્ર મામલે કોંગ્રેસના ઉમેદવાર ભરતસિંહ વખા દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી, જેના અનુસંધાનમાં રાજયકક્ષાના મંત્રી બચુ ખાબડને હાઈકોર્ટમાંથી આગોતરા જામીન મેળવવાની ફરજ પડી હતી. ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ વડોદરા જિલ્લામાં દેવગઢબારિયા મતવિસ્તારમાં ભાજપ અને કોંગ્રેસના સમર્થકો-કાર્યકરો દ્વારા પ્રચાર કાર્ય ચાલી રહ્યું હતું તે દરમ્યાન ગત તા.૩૦-૧૧-૨૦૧૮ના રોજ બંને પક્ષે સામસામે જૂથ અથડામણ અને હિંસા થઈ ગઈ હતી. જેમાં હાલના રાજયકક્ષાના મંત્રી અને ભાજપના ઉમેદવાર બચુ ખાબડે હવામાં ફાયરીંગ કર્યું હતું, જેથી કોંગ્રેસના ઉમેદવાર ભરતસિંહ વખા દ્વારા સ્થાનિક પોલીસમથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જો કે, આ સમગ્ર પ્રકરણમાં ભરતસિંહ વખા અને કોંગ્રેસના કાર્યકરો વિરૂધ્ધ વળતી ફરિયાદ નોંધાઈ હતી.


**પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ**

**શ્રદ્ધાંજલિ**



**સ્વ. પી.એ. ગજ્જર**

સ્વ. તા. ૧૬/૨/૨૦૧૭

સુખ - દુ:ખમાં સદાય હસતા રહ્યા તમે,
સહુના હૃદયમાં વસતા રહ્યા તમે,
હતા નજર સમક્ષ પોષણના પલકારે
મોક્ષ પામી ગયા
જીવતર એવું જીવી ગયા
પ્રભુ તમારા આત્માને ચિર શાંતિ અર્પે એ જ પ્રાર્થના....

ગં.સ્વ. મંજુલાબેન પી. ગજ્જર
ભરતભાઈ પી. ગજ્જર
કેતનભાઈ પી. ગજ્જર
યોગેશભાઈ પી. ગજ્જર
યશ - શુભમ - માહિમ
સમસ્ત ગજ્જર પરિવાર, ગાંધીનગર



www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ®**

AN ISO 9001:2008 Certified Company

**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN® | ashirvad | BENELAVE™ | DR. FIXIT® | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

BRIDGESTONE CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com